# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર,આફૃયુ, દેવગઢ બારીયા ખાતે ચાલતી ઓન ફાર્મ રીસર્ચ યોજના અંતર્ગત ઉનાળુ મગ અને અડદની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અને સંકલિત રોગ જીવાત નિયંત્રણ વિષય ઉપર એક દિવસીય તાલીમનું આયોજન કરી કીટ વિતરણ કરવામાં આવ્યું

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આફ્યુ, દેવગઢ બારીયા ખાતે ચાલતી **ઓન ફાર્મ રિચર્ચ** યોજના અંતર્ગત તા.૦૧/૦૩/૨૦૨૪ ના રોજ ઉનાળુ મગ અને અડદની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અને સંકલિત રોગ જીવાત નિયંત્રણ વિષય ઉપર એક દિવસીય તાલીમનું આયોજન કરી કીટ વિતરણ કરવામાં આવ્યું. આ કીટ વિતરણ કાર્યક્રમમાં દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના આમલી અને વડવા ગામના કુલ ૩૫ ખેડૂતોએ ભાગ લીધેલ હતો. આ કાર્યક્રમમાં **ડૉ. સી. જે. પટેલ**, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) એ મગ અને અડદની સુધારેલી ખેતી પદ્ધતિ વિશે માહિતી આપી, **ડૉ. એ. વાય. માકાણી**, (રિસર્ચ એસોસિયેટ) એ ઉનાળું પાકોમાં નવીન જાતોની સમજણ આપી, **ડૉ. એચ.કે.દેસાઇ** (રિસર્ચ એસોસિયેટ), એ જૈવીક ખાતરોની ઉપયોગીતા અને ખેતીમાં કાર્યક્ષમ ઉપયોગ વિશે માહિતી આપી, **શ્રી એસ. વી. રાઠોડ**, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક એ મગ અને અડદ પાકોમાં ખાતર વ્યવસ્થાપન વિશે માહિતી આપી, અને **ડૉ. એચ. એન. ચૌધરી** (ખેતી અધિકારી) એ ઉનાળું પાકોમાં સંકલિત નિંદણ અને રોગ-જીવાત નિયંત્રણ વિશે માહિતી આપી. આ એક દિવસીય તાલીમ કાર્યક્રમનું સંપૂર્ણ સંકલન **શ્રી ડી. જે.ગોહિલ**, ખેતી મદદનીશ તેમજ **શ્રી વિ. જે. મોરી**, ખેતી મદદનીશ દ્વારા કરવામાં આવેલ હતું.







